# ઉજ્જીવન ફાયનાન્સિયલનો આઈપીઓ ૨૮ એપ્રિલના રોજ ખૂલશેઃ પ્રાઈસ બેન્ડ રૂ. ૨૦૭થી ૨૧૦ નિયત કરાઈ

■ બ્યુરો દ્વારા
■ અમદાવાદ, તા. ૨૫




ઉજ્જીવન ફાયનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ નોન બેન્કિંગ ફાયનાન્સિયલ કંપની - માઈક્રો ફાયનાન્સ ઈન્સ્ટિટ્યુશન છે. જેણે ૨૦૦૫માં નોન બેન્કિંગ ફાયનાન્સિયલ કંપની તરીકે કામગીરી શરૂ કરી હતી. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ સુધી યુએફએસ ૪૭૦ શાખાઓ અને ૭૮૯૨ કર્મચારીઓના નેટવર્ક મારફતે ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૭.૭ લાખ સક્રિય ગ્રાહકોને સેવા આપતી હતી.

કંપનીનો આઈપીઓ ૨૮ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ખુલશે અને ૨ મે, ૨૦૧૬ના રોજ બંધ થશે. તેની પ્રાઈસ બેન્ડ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વીટી શેરદીઠ રૂ. ૨૦૭થી ૨૧૦ છે. એન્કર ઈન્વેસ્ટર બિડ / ઓફરનો સમયગાળો બિડ / ઓફર ઓપનીંગની તારીખના એક દિવસ અગાઉ એટલે કે ૨૭ એપ્રિલ, ૨૦૧૬ના રોજ રહેશે.

આઈપીઓમાં કંપનીના કુલ ૩૫૮૧.૬૧ મિલિયનના નવા ઈક્વીટી શેર ઈસ્યુ થશે અને એલીવર, એફએમઓ, આઈએફસી, આઈએફઆઈએફ, એમયુસી, સર્વ કેપિટલ, ડબલ્યુસીપી . અને ડબલ્યુડબલ્યુબી દ્વારા ૨૪,૯૬૮,૩૩૨ ઈક્વીટી શેરની ઓફર ફોર સેલ (ઓએફએસ) ઈસ્યુ થશે. બીઆરએલએમ સાથે પરામર્શમાં કંપનીએ કુલ ૨૯૧૮.૩૯ મિલિયનનું મૂલ્ય ધરાવતા ૧૪,૨૩૬,૦૫૭ ઈક્વીટી શેરનું પ્રી-આઈપીઓ પ્લેસમેન્ટ પૂર્ણ કર્યુ છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ના ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસમાં જાહેર કર્યા મુજબ નવા શેરની સાઈઝમાં રૂ. ૬૫૦૦ મિલિયન મુજબ ઘટાડો થયો છે.